**શ્રી** ક્ષત્રીય અસોશિએશન ઓફ યુકે. વાર્ષીક સામાન્ય સભા **રવિવારે ૫ મી ઓકટોબર ૨૦૧૪** ના રોજે રાખવામાં આવી હતી.
સ્થળ. એસકેએ હોલ, ૨ વીલસ રોડ, NW2 3PH. સમય. બપોરે ૩ વાગે.

મીનીટ લખનાર મનોજ નારણભાઇ ખત્રી

મીટિંગ માં આવનાર સભ્યોની સંખ્યા . ૯૮

૧. ગત વર્ષની મીનીટસ ની મંજુરી
૨. ગત વર્ષના એકાઉટની મંજુરી
૩. ઓડિટર્સ ની નિમણુંક
૪. નીચેના મુદ્દા માટે મંજુરી
કમ્યુનીટીના મેમ્બર ના છોકરા છોકરીના વિવાહ નકકી થઇ ગયા હોય તો તે છોકરા તથા છોકરી ને સમાજના પ્રસંગોમાં આવવાની મંજુરી.
૫. મેમ્બર શીપ ફીને વધારીને ૧૦પાઉન્ડ થી ૧૫ પાઉન્ડ કરવામાં આવશે.

**મીટિંગ શરૂ થઇ ૩.૧૦.**

**કમલેશ..** કમલેશે મીટીંગની શરૂઆત કરી હતી. કોઇએ પણ કોઇ બાબતમાં ચર્ચા કરવી હોય કે કોઇ મુદ્દા માટે કહેવું હોય તો તે આગળ આવે અને માઇક માં પોતાનુ નામ કહેશે. અને પછી જે કહેવું હોય તે કહી શકે છે. કમલેશે કહયું કે આજની મીટીંગ માં જીતેન્દ્ર પ્રવિણચંદ્ર ખત્રી જે કમિટિ ના સદસ્ય છે, તેઓ ઉપસ્થિત નથી.

**૧. ૨૦૧૩ ની મિનીટસ**
**કમલેશ..** પહેલી વાર એજીએમ ઈન્ટરનેટ પર જોઇ શકાશે. સંદિપ એની જ્વાબદારી લઈ રહયા છે. મનોજ એજીએમ ની નોંધ કરશે.તેમનો ધણો આભાર.
**અનિલ અમ્રતલાલ હઝરતવાલા**. મિનીટ ઈંગ્લીશમાં પાના નંબર ૩ વકિલ નો ખર્ચ ૧૬ k થી ૨૩k છે. આ વધારે ના પૈસા શેના છે?
**મુકેશ..** લીગલોનો ખર્ચ જે ગયા વર્ષે નહોતો બતાવ્યોતો આ વર્ષે બતાવ્યો છે.
**કમલેશ..** કે ઇની વધુ સુચન ના આવતા, આ મુદ્દાને મંજુરી માંગી હતી. મીનીંટ ને હરેન્દ્ર ધીરજલાલ ખત્રી અને નરેશ શાંતીલાલ કાપડીઆ એ મજુરી આપી હતી.

**૨. એકાઉન્ટ ની મંજુરી ૩૧ માર્ચ ૨૦૧૪**
**મુકેશ..** એકાઉન્ટ બતાવવામાં આવે છે. ખજાનચીઆ કામ કરે છે. પરંતુ આ વર્ષે અકાઉન્ટનું પહેલું વર્ષ નવી કમિટિ માટે છે. અને તેમાં થોડા ઇશ્યુ છ.
**મુકેશ..** આપણી ચેરેટી અનઇનકોપરેટ માંથી કંપની લીમીટેડ બાય ગેરેંટીમાં બદલી છે. નવા એસોશીયેસનની શરૂઆત ૩ ડિસેમ્બર ૨૦૧૨ અને જુના એસોશીયેસન ૩૧ માર્ચ ૨૦૧૩ સુધી હતું અને એકાઉન્ટસ એક વર્ષનું પરીણામ છે.
વિન્સન્ટ બીલીન્ગે નવી સંસ્થાનો પહેલો ઓફીસર હતો પણ તેણે જ્યારે કમીટી એ કબજો કરી લીધો ત્યારે રાજીનામું આપી દીધું.
**મુકેશ..** એચીવમેન્ટ, પરફોમન્સ અને લોકોને માટે ના ફાયદાઓ વાંચવા માટે સમય આપ્યો.
પાના નંબર ૫ અને ૬ ઓડિટર નો રીપોર્ટ છે. જુના એશોસિયેશન માંથી બધા પૈસા અને મિલ્કત નવા એશોસિયેશનને ડોનેટ કરવામાં આવ્યા છે જે રકમ છે ૩૩ ૪૭૪૯ પાઉન્ડ . નોટ ૩. પાના નંબર ૧૦ પર બધી મુદ્દા સર વાત સમજાવામા આવી છે. તો તે ભવિષ્યમાં બીજી કમીટી ને સરળતા થી સમજ પડે.
આ વર્ષે નવા અશોશિયન ને લીધે એકાઉટની સરખામણી આ વર્ષે નહીં કરવામાં આવશે. આગલે વર્ષ ના આંકડાની સરખામણી કરી શકાશે. નોટ ૧૦ પાના નં ૧૨, હોલ ની મિલ્કત જુના માંથી નવા એશોસિયેશનમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. કિંમત ૧૮૮૫૦૦ પાઉન્ડ છે.
ડોનેશન ૮૦૦ પાઉન્ડ ઓછા છે.
હોલના ભાડાની રકમ વધી છે.
વાસણ ના ભાડાની આવક ઘટી છે.
વ્યાજ પણ ઓછું મળ્યું છે.
સારું વ્યાજ મળે તે માટે કમિટી જોઇ રહી છે.
૨૦૧૨માં રેફલ ટીકિટ નું વેચાણ ૨૦૧૩ કરતાં સારું હતું.
બટેરો પાર્ટીની ઇન્કમ પણ ઘટી ગઇ છે.
ક્રીકેટ પાર્ટીમાં પણ ખર્ચા ૨૨૮૫ પાઉન્ડ અને કંઇ જ પ્રોફીટ કર્યા નહતો. દિવાળી પાર્ટી કડવા પાટીદાર હોલમાં કરવાથી ખર્ચ વધી ગયો હતો.
એકાઉટ માટે જે કો ઇ વધારે જાણકારી જોઇતી હોય તે આગળ આવી પોતાનું નામ કહે.

મહેન્દ્ર હરગોવીંદ કાબાવાલા... બ્રેન્ટ કાઉન્સીલમાંથી ગ્રાન્ટ મળશે કે?
**મુકેશ**.. મળશે પણ ઘણી ઓછી માત્રા માં.
**નવીન વખારીયા** .. ભજન સંધ્યાનો ખર્ચ ૭૫૦ પાઉન્ડ અને એમાંથી ઇનકમ ૪૯ પાઉન્ડ મારે જાણવું છે કે કેટલા લોકો આવે છે. અને આપણે ભજન સંધ્યા કરવી જોઇએ કે કેમ?
**મુકેશ...** ભજન એ ભકિતના માટે કરીયે છે . એમાંથી ફાઇદો કરવા માટે નથી. અને આરતીનાજ પૈસા મળે છે.
**સુધિર દયારામ ખત્રી** ....ટ્રસ્ટીના નામ નથી?
**મુકેશ**.......ટ્રસ્ટીના નામ છ.
**સુધિર દયારામ ખત્રી** .....મેમ્બર ફી વર્ષે વર્ષે ઓછી થતી જાય છે.
**મુકેશ.......** ૨૦૧૩માં અમે જે લોકો પાસેથી સભ્ય ફી નથી આવતી તેને ઉધરાવવા ફોન કર્યા હતા. આ વર્ષે પણ કરવા ના છે.
**દમયંતી અતુલ ખત્રી...** એકાઉટના ટાઇમ લીમીટ પછી પૈસા આપે તો તે આ વર્ષના અકાઉટમાં નથી ગણાતા.
**મુકેશ**.......પ્રકાશનો ઘણો આભાર. સમયસર એકાઉટ ને ભરી દેવા માટે.
**પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા...** ટેલીફોન ના ૨૫૩ પાઉન્ડ ભરવા કરતા ફોનને ડીસકનેકટ કરવો જોઇએ.
**મુકેશ**....... ફોન નથી ચાલતો ડીસકનેકટજ છે.
**નવિન વખારીયા**.........આપણી ચેરેટી પાસે ૧૬૪૦૦૦ પાઉન્ડ રોકડા અને નેટ મિલ્કત ૩૧૮૧૭૪ પાઉન્ડ. ગત વર્ષે સંસ્થાની બેલેન્સ શીટ સધ્ધર છે તેમ એકાઉન્ટસમાં લખવામાં આવયું હતું, એવું સ્ટેટમેન્ટ આ વર્ષે નથી. એનું કારણ ?
**મુકેશ**.......આપણે આ વર્ષે ખોટ કરી છે માટે એવું કહેવું અનુચિત કહેવાય.
**અનીલ અમ્રતલાલ હઝરતવાલા** ......ભજનમાં કેટલા લોકો આવે છ?
**મુકેશ......**૪૦ થી વધારે આવે છે.અને આપણે આવતા વર્ષે ભજન ચાલું રાખીશું.
**અનીલ અમ્રતલાલ હઝરતવાલા....** આપણે બધાને કહેવું જોઇએ કે ભજન માં બધા આવો તો સંખ્યામાં વધારો થાય.
**રવી પ્રવિણ જરીવાલા**....દાન રકમ એકાઉન્ટ માં દેખાવવી જોઇએ.
**મુકેશ......** સમય ના અભાવ ના લીધે તે નથી કરી શકયા. અને આરતીના પૈસા દાન કરીએ છીએ.
**અકાઉન્ટ ની મંજુરી મ ળી**.. સુધીર દયારામ ખત્રી , પુર્ણીમા પ્રમોદ ખત્રી.

**૩. ઓડિટર્સની નિમણુક**....
ક્મલેશ... ઓડિટર MCT ની ભાગીદારી ની મંજુરી માંગુ છું.
મજુંરી મળી..... નરેશ શાંતીલાલ કાપડિયા, ગણેશ દિપક ખત્રી.
**૪. ઠરાવ પાસ કરવો**.....
એસે કે એ ના પ્રોગ્રામમાં નોન કમિટિ ના ફિઆન્સે હાજર રહી શકે કે કેમ.
**ક્મલેશ**...... જે છોકરા... છોકરી ના વિવાહ બીજી જ્ઞાતના છોકરા... છોકરી સાથે નકકી થયા હોય અને લગ્નની તારીખ નકકી થઈ હોય તો એ છોકરા... છોકરી આપણી જ્ઞાતિના પ્રોગ્રામમાં આવી શકે કેમ કે એ માટે આપણે ચર્ચા કરવાના છે.
**મુકેશ**...... જે છોકરા... છોકરીના લગ્નની તારીખ પાકી થઈ ગઇ હોય એને આપણી જ્ઞાતીના કાર્યક્રમોમાં આવવા દેવા જોઈએ કે કેમ એના માટે ઠરાવ પાસ કરવાના છ. તે જેને કંઇ કહેવુ હોય તે કહી શકે છે.
**મહેન્દ્ર હરગોવીન્દ કાબાવાલા**....... ઇન્ટર કાસ્ટમાં લગ્ન થાય એ એક સામાન્ય વાત થઇ ગઇ છે. તો એમને આવવા દેવા જોઇએ. પણ ફી લેવી જોઇએ.
**મુકેશ**...... કમિટિએ ચર્ચા કરી છે અને મંતવ્ય છે કે ફીયાન્સે જ આવી શકે એવું સુચન કરીએ છીએ. ફી લેવી નહીં જોઇએ.
**ગણેશ દીપક ખત્રી**......આ બાબત માં સહેમત છુ. પરંતુ ફી લેવી જોઇએ.
**અનીલ અમ્રતલાલ હઝરતવાલા**...... ઘણા માબાપ પણ ફી આપતા નથી કે એમના છોકરાઓ પણ ફી આપતા નથી. જો ફીયાન્સે ભ રશેતો એલોકો પણ કદાચ ભરશે.
**મુકેશ**....બધા નવા લગ્ન કરેલા કપલ ને મેમ્બર શીપ ફી ના ફોર્મ મોકલવામાં આવશે.
**ગણેશ દીપક ખત્રી......**ફી નહીં ભરશે તેને સમાજના પ્રોગ્રામ એજીએમ અને વોટીંગમાં ભાગ લેવા નો શું અધિકાર હશે?
**મુકેશ.....** એસ કે એ. એમને વોટીંગ અને પ્રોગ્રામમાં ભાગ લેવા દેવામાં આવશે. વર્ષમાં ૪ થી ૫ વાર જ આવા પ્રોગ્રામો થાય છે.આ મોટી વાત નથી.
**વિનોદ નટવરલાલ ખત્રી.......** ન્યુઝલેટરમાં લખવામાં આવે અને ફોર્મ મોકલવામાં આવે પછી તો ભુલી જ્વામાં નહી આવે.
**કિરણ કાંતીલાલ જાદવ**..... મેમ્બર ફી ની ભરે અને એ લોકો બધા જ એસ કે એના પ્રોગ્રામમાં આવે તો પછી ફી ભરવા માં અને નહીં ભ રમાં શું ફરક.? લગ્નના માટે જાહેરાત થઇ ગઇ હોય તો એમનાંથી ઇલેકશનમાં ઉભા રહેવાય? મેમ્બર શીપ ફી બધા પાસે લેવી જ જોઇએ.
**મુકેશ...** જો ઇલેકશન માં ભાગ લેવો હોય તો ફી ભરવી પડશે. તો જ સમાજ ના બધાજ પ્રોગ્રામમાં તેઓ આવી શકશે. લગભગ સો પાઉન્ડનો સવાલ છે.
**પ્રકાશ ઠાકોરલાલ જરીવાલા**... ૧૮ વર્ષની ઉપરના આપણા બાળકો પાસેથી સભ્ય ફી લેવામાં આવે છે તે નવા મેમ્બર ને વેલકમ કરવા જોઇએ.
**રશ્મી ભુપેન્દ્રખત્રી**... કમિટીમાં મેમ્બર બનવા માટે ફી ભરવી જોઇએ.
**ક્મલેશ..** ઠરાવને પાસ કરવા વોટ કરીશું.
ઠરાવને મંજુરી મળી હતીકે ફીયાન્સેને સભ્ય ફી ભરવાની જરૂર નથી અને તેઓ સમાજમાં જે પ્રોગામો થાય એમાં આવી શકશે.

**૫..મેમ્બર ફી ૧૦ પાઉન્ડ થી વધારી ૧૫ પાઉન્ડ...**
**કમલેશ...** મેમ્બર શીપ ફી ૨૦૦૬ માં વધારી હતી. જે ઘણો લાંબો સમય થઇ ગયો છે. ખર્ચો પણ ખુબજ વધી ગયો છે. દિવાળી પાર્ટી, નવરાત્રી, એ બધાનો ખર્ચ વધી ગયો છે. તો મેમ્બરશીપ ફી ૧૫ પાઉન્ડ થવી જોઇએ.
**છગનલાલ અંબારામ ખત્રી...** ફી વધારવાને બદલે ૧૦ પાઉન્ડ થી ૫ પાઉન્ડ કરવી જોઇએ.
**વિનોદ નટવરલાલ ખત્રી.......** આપણા સમાજમાં મોટા ભાગના લોકો સરસ નોકરી કરી રહીયા છે . બીજી જ્ઞાતિના સમાજમાં તેમની વાર્ષિક પગારમાંથી થોડા પૈસા એમની સંસ્થાને દાન કરે છે. મારું માનવું છે કે ફી ૧૫ પાઉન્ડ થી ૨૦ પાઉન્ડ કરવી જોઇએ. ફી વધારવામાં સહકાર આપવો જોઇએ.
**મહેન્દ્ર હરગોવીન્દ કાબાવાલા..** આપણી મેમ્બર શીપ ફી . ૮૫૮૦ પાઉન્ડ અને દિવાળી પાર્ટી નો ખર્ચ ૯ ૮૪૩ પાઉન્ડ. આપણી મેમ્બરશીપ ૨૫ પાઉન્ડ કરવી જોઇએ.
**કિરણ નરહરી કાપડીયા** ..જો સમાજના લોકોને ઠીક લાગે તો ૧૫ પાઉન્ડ મેમ્બર શીપ અને ૫ પાઉન્ડ દાન ઓછું આપે.
**અનીલ અમ્રતલાલ હઝરતવાલા...**ફી વધારવા બાબતમાં આપણી પાસે ૮૬૦ ફી ભરે છે. અનીલનું કહેવાનુ છે કે આપણી પાસે ૧૧૦૦ મેમ્બરે ફી ભરવી જોઇએ. ૩૦૦ માણસો છે જે ફી ભરતાજ નથી. અને ૧૦૦ જેટલા ઘરો દાન પણ આપતા નથી.ફી વધારો પણ એ ફરજીયાત હોવું જોઇએ. જે ફી નહીં ભરે એમને સમાજના કાર્યક્રમોમાં આવવાની મનાઇ કરવી જોઇએ. દાનતો ભવિષ્યમાં ઓછું જ થવાનું છે. ગુલાબી દાનની સ્લીપ સારો વિચાર હતો પણ કોઇ સ્લીપ ભરતા નથી.
**મુકેશ....** કાર્યકર્તાઓ ઘણી જ મહેનત કરી રહયા છે. ૯૦૦ જેટલા મેમ્બરો ફી ભરે છે. અને સામાજીક કાર્યક્રમોમાં બધાની ગણતરી કરવાનું મુશ્કેલ છે કે કોણે ફી આપી કે નથી આપી.
**ધીરજલાલ મગનલાલ કાપડીઆ......**પહેલાના કારોબારીના કાર્યકર્તાઓએ એક પ્રોગ્રામમાં 70% રાહત આપી હતી. દાન નહીં કરવાથી કાર્યક્રમોને અસર થાય છે.
**પ્રકાશ ઠાકોરલાલ જરીવાલા....** મેમ્બર ફી વધારી ને ૨૦ પાઉન્ડ કરવી જોઇએ. બીજા ૧૦ વર્ષ સુધી મેમ્બર ફી વધારવાની જરૂર નહીં પડે. અને વ્યાજ પણ પહેલા કરતા ઓછું મળે છે.
**મહેન્દ્ર જગમોહન ગોહીલ.......** એકાઉન્ટમાં વર્ષો વર્ષ ખોટ બતાવે છે. ૫ પાઉન્ડ વધારે એ બરાબર છે પણ આપણે જે નથી પૈસા આપતા એમને મેમ્બેર ફી આપવા માટે પ્રોત્સાહન આપવું જોઇએ. દાન માટે માણસોએ પર્સનલી જવું જોઇએ. ગુલાબી દાનની સ્લીપ સારા વીચાર નથી.
**મુકેશ ...** ગયે વર્ષે પણ અમે બધાને કહયું હતું અને આ વર્ષે પણ અમે બધાને કહયું છે. અને ગુલાબી સ્લીપ ઇન્ડીયામાં વાપરે છે અને એનાથી ઘણા લોકોએ દાન આપ્યું છે.તો એ સારો વિચાર છે.
**કમલેશ..** જ્યારે બધા લોકો કાર્યક્રમનો આનંદ માણતા હોય ત્યારે દાન માટે પાસે જવુ એ સારું નહીં કહેવાય. વેબસાઇટ પરથી કોઇએ કોમેન્ટ કરી છે કે જે ફી નથી ભરતા એમના નામ જાહેર કરવા જોઇએ. જે મેમ્બર ફી નહીં ભરે એમનાથી નહિ આવી શકાય.
**મહેન્દ્ર હરગોવીન્દ કાબાવાલા...**મા..બાપની ફરજ છે કે તેઓ પોતાના છોકરાઓને મેમ્બર ફી આપવા માટે કહે.
**કમલેશ...** ૧૫ પાઉન્ડ ફી વધારવા માટે વોટ કરો.... સભ્ય ફી વધારીને ૧૫ પાઉન્ડ કરવાના ઠરાવને બહુમતિ મળી હતી.
**કમલેશ..** ફી વધારી ૨૦ પાઉન્ડ કરવા માટે વોટીંગ કર્યું પણ ઠરાવને બહુમતિ નહીં મળી હતી માટે સભ્ય ફી ૧૫ પાઉન્ડ કરવામાં આવશે.

## ૬ AOB.

**૬.૧** લગ્નમાં ફુલપાન અને ના જવાના કારણો કમલેશે જણાવ્યા હતા.આડા દિવસે જવાનુ ઘણું મુશ્કેલ થાય છે, બધા કાર્યકર્તાઓથી રજા લેવાની મુશ્કેલ થાય છે. અને બીજા સમાજમાં લગ્ન થાય ત્યારે આ પ્રથા થોડી અડચળી લાગે છે.
**મહેન્દ્ર જગમોહન ગોહીલ...** એક બે કારોબારીના કાર્યકર્તાઓને પણ લગ્નમાં બોલાવવામાં આવે છે તો એ લોકો ફુલપાન કરી શકે છે. ફુલપાનની પ્રથા બંધ થવી નહીં જોઇએ.
**દિપક ખત્રી....** મહેન્દ્રભાઇ ફુલપાન કરવા માટે જાય તો એમને પેટા કમિટિ બનાવવી જોઇએ.
**નવિન વખારીઆ..** બીજી જ્ઞાતિમાં ફુલપાન ની પ્રથા બંધ થઇ ગઇ છે તો આપણે પણ બંધ કરવી જોઇએ.
**કમલેશ...** ફુલ પાનની પ્રથા બંધ થાય છે એ માટે વોટ કર્યા.
આ ઠરાને માન્યતા મળી હતી અને જાન્યુઆરી ૨૦૧૫ થી આ પ્રથા બંધ કરવામાં આવશે.

**૬.૨ પ્રમુખના ફોટાઓ હોલમાંથી ઉતારવા.**
**મુકેશ...** ફોટાઓ ઉતારવા ના કારણો એ છે કે જ્યારે બીજા લોકો આ હોલ ભાડે લે છે ત્યારે તે લોકો આ ફોટોઓને બલુન થી કવર કરે છે. ફોટાઓને બીજી રીતે મુકવામાં આવશે એ વિનોદ તમને સમજાવશે.
**વિનોદ છગનલાલ ખત્રી** ...પ્રમુખના ફોટાઓને નાની ફ્રેમમાં કરીને એક મોટી ફ્રેમ લેવામાં આવશે. જેમાં બધાજ પ્રમુખના ફોટા મુકવામાં આવશે. આ મોટી ફ્રેમને આગળના પેસેજમાં મુકવામાં આવશે.
**ગિરધરલાલ ભાણાભાઇ બલસારા...**ફોટાઓ ઉપર પરદા મુકવા જોઇએ. અને આ મોટી ફ્રેમમાંમુકવામાં આવશે એ કેવી રીતે એની ચોખવટ કરવા માટે કહેવામાં આવ્યું.
**મુકેશ...** ગિરધર ભાઇની આઇડીયા માં કપડું બદલવું પડે અને એ થોડી ડિઝીટલ આઇડિયા હતી.
**કમલેશ...** બીજી કોઇ પાસે કોય આઇડીયા હોય તો? આ બાબત માં કોઇ એ કઇ કીધુ નહી. અને ફોટા ઓ હોલમાં થી કાઢવા માટે અપ્રુવ કરવામાં આવી.

**મહેન્દ્ર હરગોવીન્દ કાબાવાલા...**હોલને નવો બનાવવો જોઇએ. હોલમાં ખુબ ઠંડી લાગે છે તો અન્ડે ફ્લોર હીંટીગ મુકવી જોઇએ. અને નાની બેબી માટે બેબી ચેન્જીંગ ની સગવડ મુકવી જોઇએ.
**મુકેશ** ... હોલમાં કામકાજ કરાવા ની જરૂર છે. ફ્લોર માટે વિચારણા ચાલે છે.
**કમલેશ**..હોલમાં ફાયર ડોર ની વિચારણા હવે કરવામાટે આવશે નહી. આ વિચારણા હવેબંધ થઇ ગઇ છે. હવે હોલને નવા બનાવવા માટે વિચારણા કરવામાં આવશે.
**મહેન્દ્ર કાબાવાલા** ... એસ કે એ ની કમિટીના ઇલેકશનમાં જે જાણીતા નહીં હોય તેનુ નામ પહેલું લખવું જોઇએ.
**કમલેશ**..આવતા વર્ષે ધ્યાનમાં રાખવામાં આવશે.
**પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા....**નામ આલ્ફાબેટીકલી રીતે મુકવા જોઇએ.
**પુર્ણિમા ખત્રી** ...રમતના માટે જે કંઇ કરીએ છીએ તે પુરૂષો માટેજ હોય છે. છોકરીઓ માટે પણ રમત ગમત ના કાર્યક્રમો થવા જોઇએ.
**ભાવિન પ્રફુલ નરોતમ.વેબકેમ**... ફ્રેન્ડને ગરબામાં લાવી શકીએ કે કેમ? અને ચાર્જ કરીએ?
**મુકેશ...** કડવા પાટીડાર સમાજમાં બીજી ન્યાતના લોકો આવે તો એને ચાર્જ કરે છે.
**હરેન્દ્ર ધીરજલાલ ખત્રી...**આપણા લંડનના જે રહેવાસી હતા જે ઓફ થય જાયતો તેઓના નામો મહોત્સવમાં બોલવા જોઇએ.
**મુકેશ...**ધન્યવાદ હરેન્દ્ર, આવાત અમે ધ્યાનમા રાખશું.
**વિનોદ છગનલાલ ખત્રી....**આવર્ષમહોત્સવ ના ટાઇમે હોલના માટે પ્રોબલેમ થયો હતો. થોડા સમયમાં આપણા કમિટીના સભ્યોએ મહેનત કરીને નવા હોલની સગવડ કરી હતી.
**અનિલ અમ્રતલાલ હઝરતવાલા**.... આપણી સોશીયલ ઇવનીંગ માટે આપણા સમાજનાં લોકોને પહેલા નામ લખવા માટે ટાઇમ આપવો જોઇએ અને દરજી સમાજવાળા નામ આપણા કરતા પહેલા લખાવી દે છે.
**રાજ ખત્રી**...આપણા સમાજનાં લોકો જલ્દીથી નામ લખાવતા નથી. એટલે દરજી સમાજ પોતાનું નામ લખાવી દે છે.
**પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા**....મહેલાઓ સોશીયલ ઇવનીંગ માં આવતી નથી. બધી ઘણી મહિલાઓ વેજીટેરીયન છે. જો ઘરેથી ખાવાનું બનાવીને લાવવામાં આવે તો મહીલાઓ પણ આવે.
**મહેન્દ્ર મોહનલાલ ખત્રી..** .. સોશીયલ ઇવનીંગમાં હેપી આવર છે, તો જે લોકો એ કલાકમાં આવે એનેજ એ ટાઇમ આપવો જોઇએ. જે લોકો તે આવર પછી આવે એને નોન હેપી કલાકના પૈસા લેવા જોઇએ.
**મુકેશ** ..હવે થી કોઇ હેપી આવર નહીં રહેશે. બધાએ જ ફુલ પૈસા આપવા પડશે. તો હવે પીવા માટે હેપીઆવર રદ કરવામાં આવે છે.
આ બાબતમાં બધા રાજી થયા. એટલે હવે થી કોય હેપી આવર નહી રહેશે.

એ.જી.એમ પુરી થઇ.